GJMR040000712023

| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૬/૦૧/૨૦૨૩ |
| રજી. તારીખ | ૦૬/૦૧/૨૦૨૩ |
| ફેસલ તારીખ | ૦૬/૦૭/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ ૦૩, માસ ૦૬, દિવસ ૦૦ |

**વાંકાનેરના મહે. એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મું. વાંકાનેર, જી. મોરબી.**

**ફો.કેસ.નં. ૬૬/૨૦૨૩**
**આંક–**

**ફરીયાદી:–** શ્રી સરકાર

**વિ રૂ ઘ્ઘ**

**આરોપીઓ:–** **(૧) શાંતિલાલ ગગજીભાઈ ચારોલીયા**
ઉવ.૩૨,ધંધો:મજુરી,
**(૨) રાજેશભાઈ ગગજીભાઈ ચારોલીયા**
ઉવ.૩૭,ધંધો:મજુરી,
બંને રહે.સીંધાવદર ગાત્રાળનગર,
તા.વાંકાનેર,જી.મોરબી.

ગુનો **:–ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩,૩૨૫,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના ગુના સબબ.....**

========================================

ફરિયાદપક્ષ તરફે વિ. એ.પી.પી. શ્રી એ.એન.પટેલ
આરોપીઓ તરફે તેમના વિ. વકીલ શ્રી એ.એ.મથાકિયા

========================================

**–:: ઠ રા વ ::–**

૧. ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરી પોતાની રીક્ષા ભાડાની ઉઘરાણી કરવા સારુ આરોપીના ઘર સામે રીક્ષા પાર્ક કરી આરોપી નં–(૧)નાએ ત્યાં રીક્ષા પાર્ક નહી કરવા બાબતે જગડો કરી ફરીને લાકડી વતી જમણા હાથે કોણીના ભાગે મુંઢ ઈજા કરી શરીરે ઢીકાપાટુનો માર મારી આરોપી નં–(૧) તથા (૨)નાએ ફરીને જેમ ફાવે તેમ ગાળો આપી તથા જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હામાં એકબીજાને મદદગારી કરી હે.જીલ્લા મેજીસાના હથીયાર બંધી જાહેરનામોનો ભંગ કરતા ગુન્હો કરેલ હોય જે અંગેની ફરીયાદીએ ફરીયાદ વાંકાનેર તાલુકા પો.સ્ટે. એ પાર્ટ ૧૧૧૮૯૦૦૮૨૨૦૭૩૧/૨૦૨૨ ગુન્હો આઇ.પી.સી. કલમ ૩૨૩,૩૨૪,૩૨૫,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબની ફરીયાદ દાખલ થયેલ અને તપાસના અંતે ઈન્સાફી કાર્યવાહી માટે ચાર્જશીટ નામ. કોર્ટ સમક્ષ રજૂ કરેલ છે.

૨. આ કામમાં આરોપીઓને ધોરણસર સમન્સ બજી જતા તેઓ નામદાર કોર્ટ સમક્ષ હાજર થયેલ છે અને તેમને બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા બાદ આંક–૦૩ થી તહોમતનામું વાંચી સંભળાવી, સમજાવી ફરમાવવામાં આવેલ અને તે બાબતે આરોપીઓની પ્લી આંક– ૦૪ થી આંક– ૦૫ સુધી લેવામાં આવેલ જેમાં તેઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરતાં, ફરીયાદપક્ષે પુરાવાની કાર્યવાહી આગળ ચલાવેલ છે.

3. આ કામે આરોપીઓ વિરૂધ્ધનો ગુનો પૂરવાર કરવા માટે ફરિયાદપક્ષે નીચે મુજબના મૌખિક તથા લેખિત દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**<u>મૌખિક પુરાવો:–</u>**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૦ | મોહનભાઇ તેજાભાઇ પરમાર ની જુબાની ૧૧ |
| ૨. | ૧૨ | નીલેશભાઇ રવજીભાઇ સોલંકી ની જુબાની૧૩ |
| ૩. | ૧૪ | ઇશ્વરભાઇ હીરાભાઇ રાઠોડ ની જુબાની૧૧ |
| ૪. | ૧૫ | મહેબુબભાઇ ઉસ્માનભાઇ શેરસીયા ની જુબાની ૧૩ |
| ૫. | ૧૮ | ગોપાલભાઇ મેશનભાઇ ચારોલીયા ની જુબાની |
| ૬. | ૨૦ | છનાભાઇ નાજાભાઇ ચારોલીયા ની જુબાની |
| ૭. | ૨૦–A | જયોતિબેન ગોપાલભાઇ ચારોલીયા ની જુબાની |

| | | |
|---|---|---|
| ૮. | ૨૧ | સુરેશભાઇ મેશનભાઇ ચારોલીયા ની જુબાની |
| ૯. | ૨૨ | મેશનભાઇ નાજાભાઇ ચારોલીયા ની જુબાની |
| ૧૦. | ૨૩ | ડો.મહેબીન મોહમદભાઇ માણસીયા ની જુબાની |
| ૧૧. | ૨૬ | ચર્મીબેન સુરેશભાઇ ચારોલીયા ની જુબાની |
| ૧૨. | ૨૮ | મોમજીભાઇ રામજીભાઇ ચૌહાણ ની જુબાની |
| ૧૩. | ૩૫ | ડો.તૃપલ ડી. ભીમાણી ની જુબાની |
| ૧૪. | ૪૩ | ડો.પુર્વલ અલ્કેશભાઇ પટેલ ની જુબાની |

**<u>લેખિત પુરાવો:–</u>**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૧ | સ્થાનીક જગ્યાનું પંચનામુ |
| ૨. | ૧૩ | અટક પંચનામુ |
| ૩. | ૧૯ | ફરીયાદ |
| ૪. | ૨૪ | મેડીકલ સર્ટી |
| ૫. | ૨૫ | ઓ.પી.ડી. કેસ પેપર્સ |
| ૬. | ૨૯ | ગુના રીપોર્ટ |
| ૭. | ૩૦ | અધિક જીલ્લા મેજી. સાહેબનું જાહેરનામુ |
| ૮. | ૩૬ | મેડીકલ સર્ટી |
| ૯. | ૩૭–૩૯ | એકસ–રે |
| ૧૦. | ૪૦ | ઓ.પી.ડી. કેસ પેપર્સ |
| ૧૧. | ૪૧ | રીફર નોટ |
| ૧૨. | ૪૪ | સારવાર સર્ટી |

**૪.** ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી નાઓએ મૌખીક રીતે પુરાવો પુર્ણ થયાનું જાહેર કરેલ છે. ત્યારબાદ આરોપીઓનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો હોય વિશેષ નીવેદન નોંધવામાં આવેલ છે જેમાં ફરીયાદ પક્ષના પુરાવાનો ઈનકાર કરેલ છે. તેમજ પોતે નિર્દોષ હોવાનુ જણાવેલ છે.

**૫.** ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, આ કામના ફરી પોતાની રીક્ષા ભાડાની ઉઘરાણી કરવા સારુ આરોપીના ઘર સામે રીક્ષા પાર્ક કરી આરોપી નં.૧નાએ ત્યાં

રીક્ષા પાર્ક નહી કરવા બાબતે જગડો કરી ફરીને લાકડી વતી જમણા હાથે કોણીના ભાગે મુંઢ ઈજા કરી શરીરે ઢીકાપાટુનો માર મારી આરોપી નં.૧ તથા ૨ નાએ ફરીને જેમ ફાવે તેમ ગાળો આપી તથા જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હામાં એકબીજાને મદદગારી કરી હે.જીલ્લા મેજીસાના હથીયાર બંધી જાહેરનામોનો ભંગ કરતા ગુન્હો કરેલ હોય. આઇ.પી.સી. કલમ ૩૨૩,૩૨૪,૩૨૫,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ ફરીયાદ દાખલ થયેલ છે.તેમજ ફરીયાદીને હાથ ના ભાગે ફેક્ચરની ઈજા થયેલ હોવાનુ ડોકટરના પુરાવામાં જણાવેલ છે.ફરીયાદી તથા બનાવ નજરે જોના સાહેદોના પુરાવામાં બનાવ બનેલાનુ તથા બંને આરોપીઓએ ફરીયાદીને ઈજા કરેલાનુ જણાવેલ છે.જેથી સખત સજા કરવા રજુઆત કરેલ છે.

આરોપીઓ તર્ફે વિ.વ.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે,બનાવ તા.૧૫/૦૭/૨૨ ના રોજ બનેલ છે.જેની ફરીયાદ તા.૦૪/૦૮/૨૨ ના રોજ કરેલ છે.ફરીયાદ વિલંબથી કરવાનુ કોઈ કારણ જણાવેલ નથી.ફરીયાદી તથા આરોપીઓ વચ્ચે અગાઉથી બોલવા ચાલવાનો સબંધ નથી તેવુ ઉલટ તપાસમાં સ્વીકાર કરેલ છે.તેમજ આઈ.ઓ.ની ઉલટ તપાસ માં તા.૧૫/૦૭/૨૦૨૨ ના રોજ સરકારી હોસ્પીટલ, વાંકાનેર ખાતે હું ફરીયાદી ની ફરીયાદ લેવા ગયેલો પરંતુ તેનુ નિવેદન લેતા પોતે હાલે ફરીયાદ કરવી નથી અને ફરીયાદ કરવી હશે તો પોલીસ સ્ટેશને આવી ને ફરીયાદ કરીશ તેવુ જણાવતા તેની નિવેદન લીધેલું. જે નિવેદન આંક-૩૧ થી રજુ કરેલ છે.જેમાં તા.૧૫/૦૭/૨૦૨૨ ના રોજના નિવેદન માં આરોપીઓએ ફરીયાદીને લાકડી વડે ઈજા કરેલ હોય તવી કોઈ હકકીકત નિવેદન માં લખાવેલ નથી.તેમજ નિવેદનમાં ધકકો મારી દેતા હુ નીચે પડી ગયેલો અને નીચે પડી જતા મને જમણા હાથના કોણીના ભાગે પાણો વાગી જતા મારી રીક્ષામાં બેસાડી વાંકાનેર સરકારી હોસ્પીટલ લાવેલાનુ જણાવેલ છે.જે નિવેદનમાં ફરીયાદીએ સહી કરેલ છે.જે તા.૧૫/૦૭/૨૨ ના રોજ બનાવ સમયે સારવાર માટે આવેલ ત્યારનુ છે.જે પુરાવો જોતા આ કામનમા આરોપીઓએ ફરીયાદીને લાકડી વડે હાથમાં ઈજા કરી ફેકચરની ઈજા કરેલ હોય તેવુ જણાવેલ નથી.જેથી ફરીયાદીએ આખો બનાવ ખોટો ઉભો કરી પાછળ ખોટી ફરીયાદ દાખલ કરેલ છે.જેથી આરોપીને નિદોર્ષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

૬. ફરીયાદપક્ષના પુરાવા તથા ફરીયાદ પક્ષ તથા આરોપીઓ તર્ફેની દલીલો આધારે કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

**<u>-:: મુ દા ઓ ::-</u>**

**મુદ્દા નં.૧** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પૂરવાર કરે છે કે, આ કામના ફરી પોતાની રીક્ષા ભાડાની ઉઘરાણી કરવા સારુ આરોપીના ઘર સામે રીક્ષા પાર્ક કરી આરોપી નં-(૧)નાએ ત્યાં રીક્ષા પાર્ક નહી કરવા બાબતે જગડો કરી ફરીને લાકડી વતી જમણા હાથે કોણીના ભાગે મુંઢ ઈજા કરી શરીરે ઢીકાપાટુનો માર મારી આરોપી નં-(૧) તથા (૨)નાએ ફરીને જેમ ફાવે તેમ ગાળો આપી તથા જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હામાં એકબીજાને મદદગારી કરી હે.જીલ્લા મેજીસાના હથીયાર બંધી જાહેરનામોનો ભંગ કરતા ગુન્હો કરેલ હોય. આઇ.પી.સી. કલમ ૩૨૩,૩૨૪,૩૨૫,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલા છે ?

**મુદ્દા નં.૨** શું હુકમ ?

૭. <u>ઉપરોકત મુદ્દાઓના અત્રેની કોર્ટના નિર્ણયો નીચે મુજબ છે.</u>

**-:: નિ ર્ણ યો ::-**

**મુદ્દા નં.૧** અશંત:હકારમાં

**મુદ્દા નં.૨** આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

**મુદ્દા નંબર : ૧ અને ૨ અંગે :-**

૮. ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શકપણે સાબિત કરવો જોઈએ તેવો ક્રીમીનલ જ્યુરીસપ્રુડન્સનો સ્વીકૃત સિધ્ધાત છે. નામદાર સર્વોચ્ચ અદાલતે તેઓના ચુકાદા રબિન્દ્રકુમાર દેય વિ. સ્ટેટ ઓફ ઓરીસ્સામાં ઠરાવેલ છે કે,

Three cardinal principles of criminal jurisprudence are well settled namely:

(1) that the onus lies affirmatively on the prosecution to

prove its case beyond reasonable doubt and it cannot derive and benefit from weakness or falsity of the defence version while proving its case;

(2) that in a criminal trial the accused must be presumed to be innocent unless he is proved to be guilty; and

(3) that the onus of the prosecution never shifts.

ઉપરોકત સ્થાપિત સિધ્ધાંતને નજર સમક્ષ રાખી આ કામમાં પડેલા પુરાવાની બચાવપક્ષે થયેલ દલીલોને ધ્યાને રાખી પુરાવાનુ મુલ્યાંકન કરેલ છે.

**૯.** આ કામે ફરીયાદપક્ષે પંચસાહેદ નં. ૦૧ મોહનભાઇ તેજાભાઇ પરમાર નો આંક–૧૦ નો મૌખિક પુરાવો જોતા આંક– ૧૧ થી સ્થાનીક જગ્યાના પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદર પંચસાહેદ પંચનામાંની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નહી હોવાથી વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ હતાં ત્યારબાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પશ્નો પુછેલ હોવા છતાં પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. આમ, આંક–૧૧ ના પંચનામાની હકીકત પુરવાર થયેલ નથી.

**૧૦.** આ કામે ફરીયાદપક્ષે પંચસાહેદ નં. ૦૨ નીલેશભાઇ રવજીભાઇ સોલંકી નો આંક–૧૨ નો મૌખિક પુરાવો જોતા આંક– ૧૩ થી અટક પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદર પંચસાહેદ પંચનામાંની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નહી હોવાથી વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ હતાં ત્યારબાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પશ્નો પુછેલ હોવા છતાં પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. આમ, આંક–૧૩ ના પંચનામાની હકીકત પુરવાર થયેલ નથી.

**૧૧.** આ કામે ફરીયાદપક્ષે પંચસાહેદ નં. ૦૩ ઇશ્વરભાઇ હીરાભાઇ રાઠોડ નો આંક–૧૪ નો મૌખિક પુરાવો જોતા આંક– ૧૧ થી સ્થાનીક જગ્યાના પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદર પંચસાહેદ પંચનામાંની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નહી હોવાથી વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ હતાં ત્યારબાદ

ઉલટતપાસમાં પુછી શકાય તેવા પશ્નો પુછેલ હોવા છતાં પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. આમ, આંક–૧૧ ના પંચનામાની હકીકત પુરવાર થયેલ નથી.

**૧૨ .** આ કામે ફરીયાદ પક્ષે પંચસાહેદ નં. ૦૪ મહેબુબભાઇ ઉસ્માનભાઇ શેરસીયા નો આંક–૧૫ નો મૌખિક પુરાવો જોતા આંક– ૧૩ થી અટક પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદર પંચસાહેદ પંચનામાંની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નહી હોવાથી વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ ત્યારબાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પશ્નો પુછેલ હોવા છતાં પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. આમ, આંક–૧૩ ના પંચનામાની હકીકત પુરવાર થયેલ નથી.

**૧૩.** આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં–૦૫ ગોપાલભાઇ મેશનભાઇ ચારોલીયાનો આંક– ૧૮ નો મૌખીક પુરાવો ધ્યાને લેતા તેમાં તેઓએ જણાવેલ છે કે, હાલનો બનાવ આશરે બે વર્ષ પહેલા બનેલો. તે વખતે હું મારો છકડો રીક્ષા લઈને ગાત્રાળ નગર ભાડુ લેવા ગયેલ હતો. મેં મારી રીક્ષા રસ્તા ઉપર પાર્ક કરેલ હતી તે વખતે શાંતિલાલ અને તેમના ભાઈ ગાળો બોલવા લાગેલા, મેં તેઓને કહેલ કે આ જગ્યા તમારા બાપની નથી. તેઓ ગાળો બોલવા લાગેલ અને તેઓએ લાકડીનો ઘા જમણા હાથની કોણીના ભાગે મારેલ. ત્યારબાદ મારા કાકા અને બીજા બધા આવી ગયેલા અને મને છોડાવેલ. બનાવ વખતે મુમજી સાહેબ આવેલા અને મને વાંકાનેર સરકારી દવાખાને લઈ ગયેલા અને ત્યાંથી મને વધુ સારવાર માટે રાજકોટ લઈ ગયેલા. ત્યાં મારા હાથનું ઓપરેશન કરાવેલ અને ત્યાં થી પાછા આવ્યા બાદ તેઓએ ધમકી આપેલી અને તેઓએ કહેલુ કે પોલીસવાળા શું કરી લેશે અને તમે પણ શું કરી લેશો તેવી ધમકી આપેલી. ત્યારબાદ આ બનાવની ફરીયાદ આપેલી. લાકડી વાંસની હતી. મને લાકડી મારવાવાળા આજરોજ કોર્ટમાં હાજર છે. મને શાંતિલાલભાઈએ લાકડી મારેલી અને બીજા ભાઈએ ઢીકાપાટુનો માર મારેલો. લાકડી મારવાથી મારો હાથ ભાંગી ગયેલ હતો. આ બાબતની ફરીયાદ આપેલી.જે આંક:૧૯ થી રજુ કરેલ છે.

બચાવપક્ષે ઉલટ તપાસમાં તેઓએ હકીકત જણાવેલ છે કે, મને ગુજરાતી લખતા વાંચતા આવડે છે. મેં મારી ફરીયાદ વાંચેલી ન હતી. મારુ ઘર અને આરોપીઓનુ ઘર આશરે બે કી.મી. દુર છે. આરોપી મારા સગા મોટા બાપુના દીકરા ભાઈ થાય છે. હું આરોપીઓ પાસે રીક્ષાન ભાડુ માંગતો ન હતો. હું ભાડાના પૈસા લેવા માટે સાડા પાંચ–છ વાગ્યાની આસપાસ ગાત્રાળનગર ગયેલો. મારે અને આરોપીઓ જે મારા મોટા બાપુના દીકરા થાય છે અમારે

બોલવાનો સબંધ નથી. મેં મારી ફરીયાદ તા.૦૫/૦૮/૨૦૨૨ ના રોજ લખાવેલ છે. ફરીયાદ આપેલ તે દીવસે માર મારેલ ન હતો. સાહેદ જણાવે છે કે, ધમકી આપેલ હતી. અમારે અને આરોપીઓને સમાધાનની વાતચીત થયેલ ન હતી. પોલીસવાળાએ શું કરી લીધેલ તેવુ ફરીયાદમાં લખાવેલ નથી. બનાવ અંગે હીસ્ટ્રી મે ડોકટરને જણાવેલ નથી. હું દવાખાને નવ વાગ્યાની આસપાસ પહોચેલો. આરોપીએ શું ગાળો આપેલ તે ફરીયાદમાં જણાવેલ નથી. હાલની ફરીયાદ બાદ મને ડર હોય તે બાબતે કોઈ ફરીયાદ કરેલ નથી.

**૧૨.** આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં–૦૬ છનાભાઇ નાજાભાઇ ચારોલીયાનો આંક–૨૦ નો મૌખીક પુરાવો ધ્યાને લેતા તેમાં તેઓએ જણાવેલ છે કે, હાલનો બનાવ આશરે બેએક વર્ષ પહેલા બનેલો. બનાવના દીવસે હું ઝઘડો થઈ ગયા પછી ત્યાં પહોચેલો. મેં ત્યાં જઈને બધાને છુટા પાડી ભાઈઓ–ભાઈઓ ઝઘડો કરશો નહી અને નવો ઝઘડો ના કરતા તેવુ સમજાવેલ. મારા ભત્રીજાને હાથમાં વાગેલુ હતુ અને તેને રીક્ષામાં દવાખાને લઈ ગયેલાનુ જણાવેલ છે.

બચાવપક્ષે ઉલટ તપાસમાં તેઓએ હકીકત જણાવેલ છે કે, બનાવ મેં નજરે જોયેલ નથી. બનાવ બાબતે પોલીસે મારી કોઈ પુછપરછ કરેલ નથી. પોલીસે ફકત મારૂ નામ સરનામુ પુછેલુ. ફરીયાદી તથા આરોપીઓ મારા ભત્રીજા થાય છે.

**૧૩.** આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં–૦૭ જયોતિબેન ગોપાલભાઈ ચારોલીયા નો આંક– ૨૦–A નો મૌખીક પુરાવો ધ્યાને લેતા તેમાં તેઓએ જણાવેલ છે કે, બનાવ આશરે બે વર્ષ અગાઉ બનેલો.તે દીવસે મારા પતી રીક્ષાના ફેરાના પૈસા લેવા ગાત્રાળનગર ભરવાડના ઘરે ગયેલા.જેથી મારા પતિ એ રીક્ષા ત્યા મુકેલી.ત્યા મારા જેઠ આવેલા અને રીક્ષા અહી મુકવાની નહી તેમ કહેલુ. જેથી મારા પતિ એ કહેલ કે વરસાદ ચાલુ છે અને ફેરાના પૈસા લઈ ને આવુ છુ તેટલી વાર મને રીક્ષા મુકવા દો.તેમ કહેતા તેઓ એ કહેલ કે રીક્ષા લઈ લયો.જેથી મારા જેઠે ધોકો લઈ ને મારા પતિ ને જમણા હાથમા મારી દીધેલો.જેથી હાથની કોણી ભાંગી ગયેલી.આ ઝઘડામા મારા દીયર આવી ગયેલા અને છોડાવેલા. મારા પતિને વાકાનેર સીવીલ હોસ્પી.મા લઈ ગયેલા અને ત્યાથી વધુ સારવાર માટે રાજકોટ સીવીલ હોસ્પી.મા લઈ ગયેલાનુ જણાવેલ છે.

બચાવપક્ષે ઉલટ તપાસમાં તેઓએ હકીકત જણાવેલ છે કે, આમારા ઘર અને મારા જેઠના ઘર થોડે દુર આવેલા છે.અમો બનાવ બાદ સરકારી હોસ્પી. એ સાંજના સાત વાગ્યે પહોચેલા. હોસ્પી.એ પોલીસ આવેલી નહી.સાહેદ જણાવે છે કે, હુ ઘરે હતી. ગગજીભાઈ ચારોલીયા મારા મોટા સસરાના ભાઈ થાય છે. શાંતીલાલ અને રાજેશભાઈ મારા કાકાજી

સસરાના દીકરા થાય છે. હુ રાજકોટ હોસ્પી. એ ગયેલી. અમારે આરોપી સાથે અગાઉ થી બોલવાના વ્યવહાર નથી. મારા નીવેદન મારા પતિએ લખાવેલ છે. નીવેદનમા શુ લખેલુ તેની મને ખબર નથી.

**૧૪.** આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં–૦૮ સુરેશભાઇ મેશનભાઇ ચારોલીયા નો આંક–૨૧ નો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો ઘ્યાને લેતા તેમાં તેઓએ જણાવેલ છે કે, બનાવ આશરે બે વર્ષ અગાઉ બનેલો.તે દીવસે હુ ઘરે હતો અને મારા ભાઈ રીક્ષાનો ફેરો કરવા ગયેલ હતો.તે વખતે ગામના છોકરા મને બોલાવવા આવેલા અને કહેલ કે મારા ભાઈ ને મારે છે. જેથી હું બનાવવાળી જગ્યા એ ગયેલો. ગાત્રાળનગર થી દક્ષીણ દીશાએ બનાવ બનેલો.મે ત્યા જઈ ને જોયુ તો મારા ભાઈ ને હાથમા વાગેલુ હતુ અને રાજુભાઈ અને શાં તીભાઈ લાકડી અને પાઈપ લઈ ને ઉભા હતા.તે જગ્યા એ મારા કાકા છનાભાઈ ત્યા છોડાવવા માટે આવેલા હતા તેઓ એ છોડાવેલા.હુ મારા ભાઈ ને ઘરે લઈ ને આવેલો અને ત્યાથી વાકાનેર સીવીલ હોસ્પી. મા લઈ ગયેલો અને ત્યાથી વધુ સારવાર માટે રાજકોટ સીવીલ હોસ્પી. મા લઈ ગયેલા. મારા ભાઈ નો હાથ ભાંગી નાખેલ હતો તેવુ જણાવેલ છે.

બચાવપક્ષે ઉલટ તપાસમાં તેઓએ હકીકત જણાવેલ છે કે, હુ સાત ધોરણ સુધી ભણેલ છુ.ગોપાલભાઈ મારા નાનાભાઈ થાય છે. આરોપીએ પાઈપ વડે ફરીયાદી પર હુમલો કરેલો તેવી હકીકત મારા નીવેદનમા લખાવેલ નથી. બનાવ સમયે હુ ફરીયાદીના પત્ની જ્યોતીબેન વાકાનેર દવાખાને ગયેલા.વાકાનેર થી સીંધાવદર આશરે નવ કી.મી. જેટલુ અંતર થાય છે.દવાખાને આશરે સાત વાગ્યા આસ પાસ લઈ ગયેલા. બનાવ ના દીવસે ફરીયાદ કરેલ નથી. સાહેદ જણાવે છે કે, વીસ દીવસ બાદ ફરીયાદ લીધેલી. પોલીસે ફકત મારુ નામ સરનામુ પુછેલુ. મારા મારી થતા મે નજરે જોયેલ નથી.

**૧૫.** આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં–૦૯ મેશનભાઈ નાજાભાઈ ચારોલીયા નો આંક–૨૨ નો મૌખીક પુરાવો ઘ્યાને લેતા તેમાં તેઓએ જણાવેલ છે કે, આ કામના ફરીયાદી મારો દીકરો થાય છે.હાલ નો બનાવ આજ થી આશરે બે વર્ષ અગાઉ બનેલો. બનાવ બપોર બાદ ગાત્રાળનગર પાસે બનેલો.તે વખતે મારો દીકરો ગોપાલ રીક્ષા લઈ ને ભાડુ કરવા ગયેલો તે વખતે તેને શાંતીભાઈ સાથે બોલાચાલી થયેલી અને શાંતીભાઈ એ મારા દીકરા ને મારી દીધેલું અને મારા દીકરા નો હાથ ભાંગી દીધેલો.અમને બનાવ ની જાણ મારા દીકરા ની વહુ એ કરેલી. જેથી અમો તેને સારવાર માટે વાકાનેર સરકારી દવાખાને લઈ ગયેલા અને ત્યાથી વધુ સારવાર માટે રાજકોટ લઈ ગયેલા.દવાખાને મારા દીકરા ને પુછતા મારા દીકરા એ જણાવેલ કે શાંતીભાઈ

એ ચાર–પાંચ લાકડી હાથમા અને શરીરે મારેલાનુ જણાવેલ છે.

બચાવપક્ષે ઉલટ તપાસમાં તેઓએ હકીકત જણાવેલ છે કે, મારા અને આરોપીઓ ના ઘર વચ્ચે આશરે ત્રણ કી.મી. નુ અંતર છે. અમો પો સ્ટે. બે–પાચ દીવસ બાદ સારવાર લઈ ને ગયેલા. દવાખાને મારા દીકરા ને પુછતા મારા દીકરા એ જણાવેલ કે શાંતીભાઈ એ ચાર–પાચ લાકડી હાથમા અને શરીરે મારેલી તેવુ મે મારા નીવેદનમાં લખાવેલ નથી. હુ અભણ છુ. પોલીસે નીવેદનમા શુ લખેલ તેની મને ખબર નથી. બનાવ મે નજરે જોયેલ નથી.

**૧૬.** આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં–૧૦ ડો.મહેબીન મોહમદભાઇ માણસીયા નો આંક–૨૩ નો મૌખીક પુરાવો ધ્યાને લેતા તેમાં તેઓએ જણાવેલ છે કે, ગઈ તા. ૧૫/૦૭/૨૦૨૨ ના રોજ હું મારી વાંકાનેર સીવીલ હોસ્પીટલ ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ ઉપર હાજર હતી તે વખતે રાત્રીના ૧૦–૦૦ કલાકે દર્દી– ગોપાલભાઈ મેસનભાઈ ચારોલીયા ઉ.વ.૩૨ વર્ષ રહે.ગાત્રાળ નગર, સીધાવદર વાળા સારવાર માટે આવેલ જેઓને હીસ્ટ્રી બાબતે પુછતા દર્દીએ મારામારી ની હીસ્ટ્રી જણાવેલી. દર્દી ને તપાસતા તે સંપુર્ણ પણે ભાન માં હતા. દર્દીને તપાસતા (૧) દર્દીને જમણી બાજુના ઉપરના વાંસાના ભાગ માં લાકડી મારેલાનું નિશાન હતું. જે ૧૫ × ૨ સે.મી. નું હતું.(૨) ઈજા નં.(૧) ની નીચેના ભાગે વાંસા માં જમણી બાજુ લાકડી મારેલાનું નિશાન હતું જે નું માપ ૫ × ૨ સે.મી. હતું. (૩) જમણી કોણીના ભાગે સોજો હતો. જે ફ્રેકચર હોય શકે તેવી શકયતા હતી. સદર ઈજાઓ ૨૪ કલાકની અંદરની ઈજાઓ હતી. જે ઈજા સખત અને બોથડ પદાર્થ થી થઈ શકે તેવી હતી. ઈજા નં.(૧) અને (૨) સાદા પ્રકારની ઈજા હતી. અને ઈજા નં.(૩) ગંભીર હોઈ શકે તેવી હતી જેથી અમોએ તેઓને રાજકોટ રીફર કરેલા. આ બાબતનું મે મારા હસ્તાક્ષરમાં સર્ટફીકેટ આપેલું જે સર્ટીફીકેટ આપેલ.જે આંક:૨૪ થી રજુ કરેલ છે.તેમજ ઓ.પી.ડી. કેસ પેપર્સ આંક:૨૫ થી ૨૫ થી રજુ કરેલ છે.

બચાવપક્ષે ઉલટ તપાસમાં તેઓએ હકીકત જણાવેલ છે કે, દર્દીએ કોને ઈજા કરી તેના નામ જોગ હીસ્ટ્રી લખાવેલ નથી. ઈજા પામનારે કેટલા વાગ્યે બનાવ બન્યો તે જણાવેલ નથી. ઈજા નં. (૩) માં જણાવેલ સોજાની કોઈ માપ કે સાઈઝ જણાવેલ નથી. દર્દી સાથે કોઈ પોલીસ અધિકારી ન હતા. દર્દીને થયેલ ઈજા પથ્થર લાગવાથી થઈ શકે તેવી હતી.

**૧૭.** આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં–૧૧ ચર્મીબેન સુરેશભાઇ ચારોલીયા નો આંક–૨૬ નો મૌખીક પુરાવો ધ્યાને લેતા તેમાં તેઓએ જણાવેલ છે કે, હાલનો બનાવ આજથી આશરે એક વર્ષ પહેલા બનેલો તે વખતે હું મારા ઘરે હતી. તે વખતે એક ભરવાડનો છોકરો બોલાવા આવેલો

અને તેને કહેલ કે ગોપાલભાઈને મારે છે. જેથી હું તથા મારા પતિ ત્યાં બનાવ વાળી જગ્યાએ ગયેલા અને ત્યાં મારા દીયર – ગોપાલભાઈને શાંતીભાઈ અને રાજુભાઈ એ માર મારેલ છે જેથી અમો લેવા ગયેલા. અને અમોને છોકરા ને લેવા દેતા ન હતા. અને અમોને પણ મારવા દોડેલા જેથી અમારા કાકાજી વચ્ચે પડેલા. અને અમોને બચાવેલા. મારા દિયર ગોપાલભાઈને જમણા હાથ માં વાગેલ હતું અને મારા દિયરને અમો વાંકાનેર સરકારી દવાખાને લઈ ગયેલા. ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ લઈ ગયેલા. મારા દિયર ને રાજકોટ હાથ નો ચુરો થઈ ગયેલો હોય તેનુ ઓપરેશન કરાવેલાનુ જણાવેલ છે.

બચાવપક્ષે ઉલટ તપાસમાં તેઓએ હકીકત જણાવેલ છે કે, બનાવ સમયે હું મારા ઘરે હતી. અમારૂ અને આરોપી ના ઘરે વચ્ચે આશરે બે કી.મી. અંતર છે. હું પોલીસ સ્ટેશને ગયેલ નથી. ભરવાડનો છોકરો બોલાવા આવેલો અને તેને કહેલ કે ગોપાલભાઈને મારે છે. જેથી હું તથા મારા પતિ ત્યાં બનાવ વાળી જગ્યાએ ગયેલા અને ત્યાં મારા દીયર – ગોપાલભાઈને શાંતીભાઈ અને રાજુભાઈ એ માર મારેલ છે જેથી અમો લેવા ગયેલા. અને અમોને છોકરા ને લેવા દેતા ન હતા અને અમોને પણ મારવા દોડેલા જેથી અમારા કાકાજી વચ્ચે પડેલા, અને અમોને બચાવેલા તેવી હકીકત પોલીસ રૂબરૂ ના નિવેદન માં લખેલ નથી. પોલીસે મારુ નામ ઠામ બીજુ કાઈ પુછેલુ નહી. ફરીયાદી મારા સગા દિયર થાય છે.

**૧૮.** આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં–૧૨ મોમજીભાઇ રામજીભાઇ ચૌહાણ નો આંક–૨૮ નો મૌખીક પુરાવો ધ્યાને લેતા તેમાં તેઓએ જણાવેલ છે કે, હું સને ૨૦૨૨ ની સાલમાં વાંકાનેર તાલુકા માં પો.હેડ કોન્સ. તરીકે મારી ફરજ પર હાજર હતો તે વખતે આ કામના ફરીયાદ ગોપાલભાઈ મેસણભાઈ ચારોલીયા અમારી રૂબરૂ આવી તેમના લખાવ્યા મુજબની ફરીયાદ અમોએ લખી લીધેલી.ત્યાર બાદ સદર ગુન્હો રજી. થવા પી.એસ.ઓ. ને ગુન્હા રીપોર્ટ સાથે ફરીયાદ આપેલી પી.એસ.ઓ. એ ગુ.ર.નં. એ પાર્ટ ૭૩૧/૨૦૨૨ આઇ.પી.સી. કલમ ૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબનો ગુન્હો રજી. કરી આગળની તપાસ મને ડેપ્યુટ હુકમ થી સોંપેલી. તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલા તેમજ સ્થાનિક જગ્યાનું પંચનામુ કરેલુ જે આ કામે આંક–૧૧ થી રજુ છે જેમા બે પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી છે તથા સદર ગુનામાં ઈજા પામનારનુ મેડીકલ સર્ટી મેળવી કામમાં સામેલ રાખેલ તેમજ આરોપી વિરુધ્ધ પુરાવો હોય આરોપીઓને મેં અટક કરેલ. જેમા બે પં ચોની તથા રૂબરૂ તરીકે મારી સહી છે. તેમજ જિલ્લા મેજી.શ્રી મોરબીનાઓનુ જાહરેનામુ અમલમા હોય જેમા અધિક જિલ્લા મેજી.શ્રી એન.કે.મુછાર

સાહેબની સહી તેમજ સિકકો છે.જે આંક:૩૦ થી રજુ કરેલ છે.આરોપી વિરૂધ્ધ પુરતો પરાવો હોય ચાર્જશીટ કરેલાનુ જણાવેલ છે.

બચાવપક્ષે ઉલટ તપાસમાં તેઓએ હકીકત જણાવેલ છે કે, તા.૦૫/૦૮/૨૦૨૨ ના રોજ ફરીયાદી અને આરોપી વચ્ચે મારા મારી થયેલ. હોય તેવુ તપાસ ના કામે ખુલેલ નથી. તા.૧૫/૦૭/૨૦૨૨ ના રોજ ફરીયાદી અને આરોપી વચ્ચે ઝગડો થયેલ હોય અને ફરીયાદી ને હુ દવાખાને લઈ ગયેલ હોય તેવું બનેલ નથી. તા.૧૫/૦૭/૨૦૨૨ ના રોજ સરકારી હોસ્પીટલ, વાંકાનેર ખાતે હું ફરીયાદી ની ફરીયાદ લેવા ગયેલો પરંતુ તેનુ નિવેદન લેતા પોતે હાલે ફરીયાદ કરવી નથી અને ફરીયાદ કરવી હશે તો પોલીસ સ્ટેશને આવી ને ફરીયાદ કરીશ તેવુ જણાવતા તેની નિવેદન લીધેલું. સદર નિવેદન આજ રોજ હુ રજુ કરુ છુ જે રજુ દાખલ આંક–૩૧. તા.૧૫/૦૭/૨૦૨૨ ના રોજના નિવેદન માં આરોપીઓએ ફરીયાદીને લાકડી વડે ઈજા કરેલ હોય તવી કોઈ હકકીકત નિવેદન માં લખાવેલ નથી. તા.૧૫/૦૭/૨૦૨૨ ના રોજ ફરીયાદીએ ૧૦૦ નંબર માં ફોન કરેલ હોય તેવી કોઈ હકીકત હાલ ધ્યાન માં નથી. સ્થાનિક જગ્યા નું પંચનામુ સ્થાનિક પંચો રૂબરૂ કરેલ નથી. ફરીયાદીના કુટુંબીઓ સિવાય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. ફરીયાદી ની રક્ષા અંગેનો કોઈ પણ આધાર પુરાવો તપાસ ના કામે કબજે કરેલ હોય તેવુ પણ બનેલ નથી તેમજ આરોપીના મકાન ના કોઈ આધાર પુરાવો તપાસના કામે કબજે કરલ હોય તેવુ બનેલ નથી.

**૧૯.** આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં–૧૩ ડો.તૃપલ ડી. ભીમાણી નો આંક–૩૫ નો મૌખીક પુરાવો ધ્યાને લેતા તેમાં તેઓએ જણાવેલ છે કે, હુ મારી ફરજ પર તા. ૧૬–૦૭–૨૦૨૨ ના રાત્રે ૧૨–૪૧ કલાકે પી.ડી.યુ. સરકારી હોસ્પીટલ, રાજકોટ ઇમર્ઝન્સી વોર્ડમાં હાજર હતી ત્યારે મારી સમક્ષ ગોપાલભાઈ મેસાણભાઈ ચરોલીયા રહે.વાંકાનેર તા.૧૬–૦૭–૨૦૨૨ ના રાત્રીના ૧૨–૪૮ના તેમના સગા મેસાણભાઈ સારવાર માટે લાવેલ હતા.દર્દીને બના બાબતે પુછતા તેઓએ જણાવેલ કે ૨ માણસોએ સીંધાવદર ૧૫–૦૭–૨૦૨૨ ના સાંજના ૦૫–૦૦ કલાકે લાકડી વડે મારેલ છે. તેમણે પ્રાથમીક સારવાર વાંકાનેર સીવીલ હોસ્પીટલમા લીધેલ હતી અને વધુ સારવાર માટે અમારી હોસ્પીટલમા લાવેલ હતા. જેમને તપાસતા જમણા હાથની કોણીમા સોજો આવેલ હતો.વધુ સારવાર માટે તેમને હાડકાના વોર્ડમા દાખલ કરેલ. તા.૧૬–૦૭–૨૦૨૨ ના રોજ એકસરે કરેલ જેનો નં.૫૮૦૦૬, છાતીનો એકસરે, જમણા ખભાનો એકસરે, કોણીનો એકસરે અને હાથનો એકસરે કરાવેલો.જેમા રેડીયોલોજસ્ટના અભીપ્રાય મુજબ જમણા હાથના હાડકામાં તીરાડ જણાયેલ હતી સદર દર્દીનુ ઓપરેશન કરેલ

અને તેનો તા.૧૮–૦૭–૨૦૨૨ ના રોજ ફરી એકસરે કરેલો જે એકસરે નં. ૧૦૩૮૩ ચેક એકસરે કરેલો. સદર દર્દીના જમણા હાથમા રેડીયોલોજીસ્ટના અભીપ્રાય પ્રમાણે ઓપરેશન પછીના સળીયા દેખાયેલ છે. સદર દર્દીને તા.૨૦–૦૭–૨૦૨૨ ના રોજ ક.૦૩–૩૦ વાગ્યે ડીસ્ચાર્ઝ કરેલા. સદર દર્દીને થયેલ ઈજા જે રીકવર થતા આશરે ૨ મહીના જેટલો સમય લાગે. સદર ઈજાઓ સખત અને બોથડ પદાર્થથી થઈ શકે તેવી હતી.જે બાબતે મારા હસ્તાક્ષરમા મેડીકલ સર્ટીફીકેટ ઓપેલુ જેના એમ.એલ.સી. કેસ નં. ૮૮૩૨/૦૭/૨૦૨૨ જે મારા હસ્તાક્ષરમા છે જેમા મારી સહી છે. જે આંક:૩૬ થી રજુ કરેલ છે.તેમજ દર્દીને એકસરે કરેલા તે એકસરે રીપોર્ટ આંક:૩૭ થી આંક:૩૯ રજુ કરેલ છે.તેમજ ઓ.પી.ડી. કેસ પેપર્સ આંક:૪૦ થી રજુ કરેલ છે.તેમજ રીફર નોટ આંક:૪૧ થી રજુ કરેલ છે.

બચાવપક્ષે ઉલટ તપાસમાં તેઓએ હકીકત જણાવેલ છે કે, દર્દીએ આરોપીના નામ જોય હીસ્ટ્રી જણાવેલ નથી. દર્દીએ ઈજા કરનારનુ વર્ણન પણ જણાવેલ નથી. પથ્થર બોથડ પદાર્થ કહેવાય. દર્દીને છાતીનાભાગે તથા જમણા ખભાના ભાગે ઈજા થયેલ ન હતી. કોઇ વ્યકતી પથ્થર પર પડી જાય તો સોજા પ્રકારની ઈજા થઇ શકે. ઈજા નં. ૧ અકસ્માતમા પણ થઇ શકે.

૨૦. આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં–૧૪ ડો.પુર્વલ અલ્કેશભાઇ પટેલ નો આંક–૪૩ નો મૌખીક પુરાવો ધ્યાને લેતા તેમાં તેઓએ જણાવેલ છે કે, હું તા.૨૬/૦૭/૨૦૨૩ ના રોજ બપોરના આશરે બાર વાગ્યે મારી ફરજ પર આયુષ હોસ્પીટલ, મોરબી ખાતે હાજર હતો તે વખતે ગોપાલભાઈ મેસનભાઈ ચારોલીચા ઉ.વ.૩૪ રહે. સીધાવદર, તા.વાંકાનેર વાળા નાઓ ને તેમના સગા સારવાર માટે લાવેલા. તેએનો હીસ્ટ્રી બાબતે પુછતા જણાવેલ કે એક વર્ષ પહેલા રાજકોટ સીવીલ હોસ્પીટલ ખાતે તેમનુ ઓપરેશન કોણીના ભાગે થયેલુ અને પ્લેટ નાખેલી હતી. તે ભાગ માં રસી ચાલુ રહેતા હોય અને રૂઝ આવેલ ન હોવાથી જેથી વધુ સારવાર માટે આવેલા નું જણાવેલું. સદર દર્દી ને કોણીના ભાગે જે ઓપરેશન કરી પ્લેટ નાખેલી હતી તે કાઢવા માં આવેલી અને સારવાર કરેલી. આ બાબતનુ સારવાર સર્ટી મેં મારા હસ્તાક્ષરમાં આપેલ છે જેમા મારી સહી તથા સિકકો છે.જે આંક:૪૪ થી રજુ કરેલ છે.

બચાવપક્ષે ઉલટ તપાસમાં તેઓએ હકીકત જણાવેલ છે કે, દર્દી અગાઉ સારવાર લીધેલ તેના કાગળો લઈને આવેલ ન હતા. દર્દી ને થયેલ ઈજા મારીમારી થી થયેલ હતી કે કેમ તે હું કહી શકુ નહી. દર્દી ને હીસ્ટ્રી બાબતે પુછતા તેઓને માર મારેલ હોય અને ઈજા થયેલ હોય તેવુ જણાવેલ નથી. તપાસ ના કામે પોલીસ મારુ નિવેદન લેવા આવેલી નથી.

દર્દી ને થયેલ ઈજા પડી જવાથી પણ થઈ શકે.

**<u>પુરાવાનુ મુલ્યાંકન</u>**

૨૧. ઉપરોકત ફરીયાદ પક્ષના પુરાવાનુ મુલ્યાંકન ફરીયાદ પક્ષના સાહેદ નં.૫(ફરીયાદી)ના પુરાવામાં રીક્ષા પાર્ક કરેલ હોય તે બાબતે આરોપીઓએ ગાળો આપી ઝઘડો કરી આરોપી શાંતીલાલે લાકડી મારી હાથ ભાંગી નાખેલાનુ જણાવેલ છે.તેમજ બીજા આરોપીએ ઢીકાપાટુનો માર મારેલાનુ જણાવેલ છે.તેમજ બનાવના બીજા દિવસે ફરીયાદ કરેલ છે.જે બીન તકરારી હકીકત છે.સાહેદ નં.૬ ના પુરાવાથી પણ બનાવ બનેલાનુ સર્મથન મળે છે.ફરીયાદ પક્ષના સાહેદ નં.૭ ફરીયાદીના પત્ની ના પુરાવામાં ફરીયાદ હકીકતને સર્મથન કરેલ છે અને આરોપીએ ફરીયાદીને જમણા હાથમાં ધોકો મારી હાથ ભાગી નાખેલાનુ જણાવેલ છે.તેમજ ફરીયાદ પક્ષના સાહેદ નં.૮ ના પુરાવામાં બનાવની જાણ કરતા સ્થળ ઉપર ગયેલ છે.જયા આરોપીઓ લાકડી અને પાઈપ લઈને ઉભેલ હતા અને ભાઈનો હાથ ભાંગી નાખેલાનુ જણાવેલ છે.જેથી આ સાહેદનો પુરાવો જોતા બનાવ સ્થળે ગયેલ છે.જયા આ કામના ફરીયાદીનો ને માર મારી ઈજા કરી હાથ ભાગી નાંખેલ હોય તેવી હકીકતને સર્મથન કરે છે.તેમજ ફરીયાદ પક્ષના સાહેદ નં.૧૧નો પુરાવો જોતા બનાવ ની જાણ થતા પતિ સાથે બનાવ સ્થળે ફરીયાદીદીયર થતા હોય તેઓને લેવા ગયેલાનુ જણાવેલ છે.તેમજ દિયરને જમણા હાથે વાગેલ હોય વાંકાનેર સરકારી દવાખાનેલઈ ગયેલ હોવાનુ તથા વધુ સારવાર માટે રાજકોટ લઈ ગયેલ હોવાનુ જણાવેલ છે.જેથી આ સાહેદનો પુરાવો જોતા ફરીયાદીના પુરાવાને સર્મથન મળે છે.ફરીયાદ પક્ષના સાહેદ નં.૧૦ ડો.મહેજબીન માણસીયાના પુરાવામાં તા.૧૫/૦૭/૨૨ ના રોજ રાત્રીના આ કામના ફરીયાદીને સારવાર માટે લાવેલ હતા.જેઓને વાસામાં તથા જમણી કોણીના ભાગે સોજો હોવાનુ અને ફ્રેકચર જેવી ઈજા હોવાનુ જણાવેલ છે.ફરીયાદ પક્ષના સાહેદ નં.૧૨ આઈ.ઓ.ના પુરાવામાં તા.૧૫/૦૭/૨૦૨૨ ના રોજ સરકારી હોસ્પીટલ, વાંકાનેર ખાતે હું ફરીયાદી ની ફરીયાદ લેવા ગયેલો પરંતુ તેનુ નિવેદન લેતા પોતે હાલે ફરીયાદ કરવી નથી અને ફરીયાદ કરવી હશે તો પોલીસ સ્ટેશને આવી ને ફરીયાદ કરીશ તેવુ જણાવતા તેની નિવેદન લીધેલું. સદર નિવેદન આંક-૩૧થી રજુ કરેલ છે.જેમાં તા.૧૫/૦૭/૨૦૨૨ ના રોજના નિવેદન માં આરોપીઓએ ફરીયાદીને લાકડી વડે ઈજા કરેલ હોય તવી કોઈ હકકીકત નિવેદન માં લખાવેલ નથી.તેમજ નિવેદનમાં ધકકો મારી દેતા હુ નીચે પડી ગયેલો અને નીચે પડી જતા મને જમણા હાથના કોણીના ભાગે પાણો વાગી જતા મારી રીક્ષામાં બેસાડી વાંકાનેર સરકારી હોસ્પીટલ લાવેલાનુ જણાવેલ છે.જે નિવેદનમાં ફરીયાદીએ સહી કરેલ છે.જે તા.૧૫/૦૭/૨૨ ના રોજ બનાવ સમયે સારવાર માટે

આવેલ ત્યારનુ છે.જે પુરાવો જોતા આ કામનમા આરોપીઓએ ફરીયાદીને લાકડી વડે હાથમાં ઈજા કરી ફેકચરની ઈજા કરેલ હોય તે શંકા ઉપસ્થીત કરે છે.તેમજ બનાવ તા.૧૫/૦૭/૨૨ ના રોજની છે.જયારે ફરીયાદ તા.૦૪/૦૮/૨૨ ના રોજની છે.જે ફરીયાદ વિલંબ થી આપવાનુ કોઇ કારણ જણાવેલ નથી.જેથી ફરીયાદ પક્ષનો પુરાવો તટસ્થ તથા વિશ્વાસપાત્ર જણાઇ આવતો નથી.જેથી ફરીયાદ પક્ષના પુરાવા ઉપર આધાર રાખી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી.ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદ પક્ષે આરોપી સામેનો કેશ શંકાથી પર સાબીત કરવાનો હોય છે.તેમજ બચાવ પક્ષે લીધેલ ખોટા બચાવનો લાભ પણ ફરીયાદ પક્ષને મળવા પાત્ર નથી.જેથી હાલના કેશમાં ફરીયાદપક્ષનો પુરાવો શંકાથી પર રજુ થયેલ ન હોય આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.જેથી ફરીયાદ પક્ષે આરોપીઓ સામેનો આક્ષેપ નિ:શંકપણે પુરવાર કરેલ ન હોય ફરીયાદ પક્ષની દલીલોનો અસ્વીકાર કરી આરોપી તર્ફેની દલીલોનો સ્વીકાર કરુ છુ અને મુદદા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદદા નં.૨ નો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

(૧) આરોપી **(૧) શાંતિલાલ ગગજીભાઈ ચારોલીયા,** ઉવ.૩૨, ધંધો:મજુરી, **(૨) રાજેશભાઈ ગગજીભાઈ ચારોલીયા,** ઉવ.૩૭, ધંધો:મજુરી, બંને રહે.સીંધાવદર ગાત્રાળનગર, તા.વાંકાનેર,જી.મોરબી. નાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧(૧) અન્વયે ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩,૩૨૫,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના ગુના માંથી પુરાવાના અભાવે નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) બી.એન.એસ.એસ.ની કલમ–૨૮૧ અન્વયે પ્રત્યેક આરોપીએ રૂા.૫૦૦૦/–ના જામીન તથા બોન્ડ રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) મુદ્દામાલ હથીયાર અપીલ પીરીયડ વીત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ **તારીખ :** ૦૬ **માહે :** જુલાઈ **, સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૬/૦૭/૨૦૨૬
મુ.વાંકાનેર

(વિરેન્દ્રસિંહ શનાભાઈ ઠાકોર)
એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
કોડ નં. જી.જે.૦૧૨૨૪